# મરતા વૈજ્ઞાનિક : જીવતું વિજ્ઞાન

— હરીશ નાયક

વિજ્ઞાનને અંધશ્રદ્ધા સાથે કાંઈ લેવાદેવા હોતી નથી. અંધશ્રદ્ધાઓનું નિવારણ એટલે જ વિજ્ઞાન.

પણ ઘણાં માને છે કે વૈજ્ઞાનિકો નાસ્તિક હોય છે. જોકે એવું હોતું નથી. કુદરતી તત્ત્વો પ્રત્યે તેમનેય આકર્ષણ હોય છે અને નહિ સમજાતાં દૈવી તત્ત્વોની શોધ પાછળ તેઓ સમય ફાળવે છે.

જ્યોર્જ કુવિયર નામના એક પ્રસિદ્ધ, ફ્રેન્ચ વૈજ્ઞાનિક થઈ ગયા. ૧૭૬૯ થી ૧૮૩૨ના સમયગાળામાં તેમણે ઘણી શોધો કરી.

પણ કુવિયર વૈજ્ઞાનિક હોવા છતાં પૂરેપૂરા ધાર્મિક હતા ! ધર્મમાંય તેમને શ્રદ્ધા હતી. ધાર્મિક માન્યતાઓ સાથે જ તમે વૈજ્ઞાનિક બની શકો છો, એ બોધ તેઓ વૈજ્ઞાનિકોને આપતા હતા.

એક વખત કુવિયર માંદા પડયા, માંદગી વધતી ગઈ અને કદાચ મૃત્યુ પણ થઈ શકે એવી દશા ઊભી થઈ. ત્યારે બીજા વૈજ્ઞાનિકોએ તેમનું વિજ્ઞાનનું અને ધર્મનું જ્ઞાન એકસાથે ચકાસવાનું નક્કી કર્યું.

કહે છે કે મૃત્યુ વખતે દેવદૂત કે શેતાન નજરે પડે છે. તે જમાનામાં એવી માન્યતા હતી કે દેવદૂત દેખાય તો સ્વર્ગે જવાય અને શેતાન દેખાય તો નર્ક મળે.



એક વૈજ્ઞાનિક અભિનેતાએ હૂબહૂ શેતાનનું સ્વરૂપ ધારણ કર્યું અને કુવિયર સમક્ષ વિચિત્ર અવાજો સાથે તે રજૂ થયો.

એક તો બુઝાતો જીવનદીપ અને તેમાં શેતાનનાં દર્શન. કાચોપાકો તો ડરી જ જાય. પણ આ તો દરેક વાતનું તર્કબદ્ધ પૃથક્કરણ કરનાર વૈજ્ઞાનિક હતા.

ઝાંખી નજરે તેમણે અવાજ કરતા એ જીવને પૂછ્યું, : 'કોણ છે તું ?'

પેલો કહે : 'શેતાન છું, તને ખાવા આવ્યો છું.'

કુવિયર પૂરેપૂરા શાંત રહ્યા. પછી પૂરી નીડરતાથી જવાબ આપ્યો : 'શિંગડાં અને ખરી હોય તેવા જીવ માંસાહારી હોતા નથી. તું મને હરગિજ ખાઈ શકે નહિ.'

અંત–સમયમાં પણ વિજ્ઞાનનું આવું તારણ જોઈને વૈજ્ઞાનિકો છક થઈ ગયા. તેમણે ભેગા થઈને કુવિયરને અભિનંદન આપ્યા અને તેમના દીર્ઘાયુની પ્રાર્થના કરી.

■